સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પંપાળ્યા પ્રેમથી, હવે કાન આમળવા પડશે !
સહી ધમકી, હવે અવાજ દબાવવો પડશે !
ભોગવ્યો 'ખાસ દરજ્જો' 'કાશ્મીર' એક રાજ્ય છે છતાં
જો હુઆ સો હુઆ હવે પગ જમાવવો પડશે....

હાઈકુ

ખાસ 'કલમો'
ફેંકી દો ઉખાડીને -
નવા ઉધાને...

મૃત આતંક -
છે પીઠબળ પોલું -
રાચે કાશ્મીર...

ચિંતન

મધુમન્મે નિક્રમણં મધુમન્મે પરાયણમ્ ।
વાચા વદોમિ મધુમદ્ ભૂયાસં મધુસંદ્દશઃ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

જેમના વ્યવહાર, ક્રિયા અને વાણીમાં મધુરતા હોય છે તેમને બધા પ્રેમ કરે છે. જેમનો સ્વભાવ મધુર હોય છે તેઓ જ સંસારમાં શુભ કર્મ તથા ઉપકાર કરે છે.

જેના અંતઃકરણમાં પ્રાણીમાત્ર પ્રત્યે દિવ્ય આત્મીયતાનો ભાવ જાગૃત થાય છે જેનો વ્યવહાર પણ નમ્ર તથા મધુર બની જાય છે. તે હંમેશા એ જ પ્રયાસ કરે છે કે તેના દ્વારા કોઈનેય દુઃખના પહોંચે.

મધુરતામાં અદ્‌ભૂત સામર્થ્ય રહેલું છે. સામર્થ્ય અને આત્મવિશ્વાસની ઊણપના કારણે જ અનેક લોકો કઠોર વચનોને ઉપયોગ કર છે તથા પોતાના દોષો બીજાના માથા પર નાખવા માગે છે. લોક કઠોર વચનોથી પોતાનું કામ કાઢીને અહંકારથી ફુલાય છે, પરંતુ એમના સન્માનને એનાથી ઠેસ પહોંચે છે એ વાત તેઓ સમજી શકતા નથી.

સુવિચાર

- મકાનોં ના ભાવો એમ જ નથી વધી ગયા...
  પરિવારના ઝઘડામાં બિલ્ડરો કમાઈ ગયા - **શ્રીધર આનંદ**
- જિંદગી એ કોઈ ઉકેલવા માટેનો કોયડો નથી, અનુભવવા જેવી વાસ્તવિકતા છે - **સોરેન કિર્કગાડ**
- જે જગતને જાણે તે જ્ઞાની જે પોતાને પિછામે તે 'પ્રજ્ઞ' - **તરૂણસાગરજી**
- જિંદગી ભલે ને અતિ કઠીન છે પણ તેથી હું કાંઈ ઓછો મજબૂત તો નથી જ - **ડો. વિજળીવાળા**
- જિજ્ઞાસા થવી અને એ દિશામાં ચિત્તનું સક્રિય થવું એ શોધનું પ્રથમ પગથિયું છે - **લુઈ પાશ્ચર**
- જે પાપ કરે તે મનુષ્ય છે, જે તેના પર દુઃખી થાય છે તે સંતપુરુષ છે અને
  જે તેના પર ગર્વ કરે છે તે શૈતાન છે - **સંત રોબિન**
- આજનું ઔષધ : કાકડી અને કાંદા મિક્સરમાં વાટી તે રસ પીવાથી દારૂનો નશો ઉતરે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

'ભૂમિતિ' વિષયના રચયિતા યુક્લિડ પાસે રાજા ટોલેમી એ ભૂમિતિ શીખવાની ઈચ્છા વ્યક્ત કરી. ટોલેમી એ સંકોચ સાથે યુક્લિડ ને કહ્યું, 'મેં એવી વાત સાંભળી છે કે આ ભૂમિતિ વિષય ખૂબ અઘરો છે. ઘણા વિદ્યાર્થીઓ કંટાળીને અભ્યાસ અધૂરો છોડી દે છે. હોંશિયાર અને મહેનતું વિદ્યાર્થીઓ પણ સખત મહેનત કરીને ભૂમિતિ શીખે છે. તો અમારા જેવા રાજવીઓ માટે આપ ભૂમિતિ શીખવાની કોઈ સરળ રીત ન તૈયાર કરી શકો ?' રાજાની માગણી સાંભળી યુક્લિડે હસતાં હસતાં કહ્યું, 'રાજન !! આપણે ત્યાં અમીર-ગરીબના ભેદભાવ ખૂબ ઊંડા છે, પરંતુ વિદ્યાની દેવી સમક્ષ બધા એક સમાન છે. વિદ્યાનો રાજમાર્ગ બધા માટે એક સરખો જ છે. અહીં ધનના ઢગલાનો પ્રતાપ ચાલતો નથી. અહીં સતત સખત મહેનત અને લગજ નો એક જ કઠિન માર્ગ છે. અમીર હોય કે ગરીબ દરેકે આ એક જ માર્ગ પર ચાલવાનું છે. સાચી લગન અને મહેનત કરવાવાળા સ્ફૂર્તિથી વિદ્યાના રાજમાર્ગ પર આગળ વધે છે. ઓછી મહેનત કરનાર કે ઓછી મહેનત કરવી પડે તે માટે ટૂંકા સરળ રસ્તા શોધનાર પાછળ રહી જાય છે. ક્ષમા કરજો રાજન ! આપને ભૂમિતિ શીખવવાનો કોઈ સરળ માર્ગ મારી પાસે નથી. સખત મહેનત કરવાની તૈયારી હોય ત્યારે મારી પાસે આવજો.' સમ્રાટ ટોલેમી ભૂમિતિ તજજ્ઞની વેધક વાણી મૂંગા મોઢે સાંભળી રહ્યા.

પર્યાવરણની બાજી હજુ આપણા હાથમાં છે

તંત્રીસ્થાનેથી...

ગરમી આગળ વધતી જાય છે અને ઉનાળો રોકાવાનું નામ લેતો નથી. સૌ અકળાઈ રહ્યા છે, સૌ મુંઝાઈ રહ્યા છે પરંતુ તેમ છતાં કોઈ સક્રિયતાથી કંઈ કરી નથી રહ્યું એ ઘણા દુખની વાત છે.

પહેલાં સામાન્ય તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેતું હતું અને હવે એ તાપમાન ૪૫ સુધી ગયું છે તોય આપણી ઊંઘ હરામ નથી થઈ રહી. નજીકના ભવિષ્યમાં જ આ તાપમાન ૪૭નો પારો પણ પાર કરી જશે એવી આગાહીઓ થઈ જ ગઈ છે, તેમ છતાં આપણે ચૂપચાપ બેસી રહ્યાં છીએ અથવા કહો કે ગરમીનો વધતો પારો આપણી સક્રિયતાને અસર નથી કરી શક્યો.

કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં જે પ્રકારનો વધારો થઈ રહ્યો છે તેથી એવો ભય ઊભો થયો છે કે સન ૨૦૫૦ સુધી ગ્રીન હાઉસ ગેસોનુ સ્તર ૫૫૦ પીપીએમ સુધી જતું રહેશે. વિશેષજ્ઞોનું કહેવું છે કે જો આવું થયું તો ૨૦૫૦ સુધી તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી સેલ્યિયસ સુધી વધી શકે છે, જ્યારે કે તાપમાનમાં બે ડિગ્રી સુધીનો વધારો પણ ખતરનાક હોઈ શકે છે. ઘણા રિપોર્ટમાં ખુલાસો થઈ ચૂક્યો છે કે તાપમાનમાં વધારો થવાથી ગરમ હવાના થપેડા અને દુકાળ અને પૂર જેવી વિપત્તિઓમાં વધારો થશે, સમુદ્રનું જળસ્તર વધશે અને ઉષ્ણ કટિબંધીય ચક્રવાતોમાં પણ વધારો થશે.

દલીલો એવી થાય છે કે આ બધું ગ્લોબલ વૉર્મિંગને કારણે થાય છે. પરંતુ ગ્લોબલ વૉર્મિંગ આવ્યું ક્યાંથી ? વાહનોના ધૂમાડાથી ? ફૅક્ટરીઝના પ્રદૂષણથી ? શહેરીકરણથી ? જાહેરમાં કચરો બાળવાથી ? બેકાબૂ વધતી જતી ગંદકીથી ? બધા જ ઉત્તરો 'હા'માં છે. પરંતુ આ ઉત્તર અધૂરા પણ છે. કદાચ પ્રશ્ન જ અધૂરા છે. કારણ કે આ સિવાય પણ એક મહત્ત્વનું કારણ પર્યાવરણના અસંતુલન માટે કારણભૂત છે અને તે છે વૃક્ષોનું નિકંદન. આપણે શહેરો બાંધવા માટે કે દોડતી જિંદગીને પહોંચી વળવા માટે કોંકીટનાં જંગલોનો વિકાસ શરૂ કર્યો છે. અને આ વિકાસમાં અમર્યાદપણે વૃક્ષોનું નિકંદન કાઢ્યું છે. આ કારણે વાયુમંડળમાં કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં મોટ વૃદ્ધિ પણ નોંધવામાં આવી છે. સંશોધનોથી આ બાબત સાબિત થઈ છે પરંતુ આપણે તે અંગે કશું કરી નથી રહ્યા એ પણ હકીકત છે.

ગરમીની માત્રા આટલી અસહ્ય નહોતી પહેલાં કે ન તો પહેલાં અણધારી કુદરતી આપદાઓ આવતી હતી આટલા પ્રમાણમાં. આ બધાંનું કારણ એક જ છે : પર્યાવરણનું અસંતુલન. માણસે પોતાના વિકાસ માટે બેફામ રીતે કરેલું પ્રકૃતિનું નિકંદન.

આપણે સારી પેઠે એ બાબત જાણીએ છીએ કે એક વૃક્ષ કાપવાથી તેની ભરપાઈ ખૂબ જ મુશ્કેલીપૂર્વક થાય છે. બીજીવાર રોપવામાં આવેલાં વૃક્ષો પર નવા પાન આવવામાં સમય લાગે છે અને જે ઝડપે વૃક્ષો કપાઈ રહ્યાં છે એ ઝડપે નવાં વૃક્ષો ઉગાડવામાં નથી આવી રહ્યાં. વૃક્ષોને કાપવામાં મિનીટો લાગે છે, પરંતુ વૃક્ષોને ઉછેરતાં વર્ષો નીકળી જાય છે.

વૃક્ષોનો એ ગુણ છે કે એકવાર તેમને જીવન મળી જાય તો તે પહેલાંની જેમ જ ઓક્સિજન આપે છે.

તો હજુ મોડું નથી થયું. બાજી હજુ આપણા હાથમાં છે. હજુ વૃક્ષો ઉછેરીશું તો કમ સે કમ આપણી નવી પેઢીને એક સ્વસ્થ વાતાવરણ આપી શકીશું. ખરેખર એ આપવા ઈચ્છતા હોઈએ તો વૃક્ષોરાપણનો વિકલ્પ નથી જ.

મામલતદારની સત્તા, કાર્યો અને ફરજો



શહેર હોય કે ગ્રામ્ય વિસ્તાર મામલતદારની પોસ્ટ જગ્યા દરેક જગ્યાએ હોય છે. દરેક વ્યક્તિને જીવનમાં કયારેય ના કયારેય મામલતદારની જરૂર પડતી હોય છે. જેથી મામલતદારના કાર્યો અને સત્તા વિષે સમજ આપવી જરૂરી છે.

મામલતદાર એટલે શું? અને તેનો ઉદ્દભવ કેવી રીતે થયો?

મામલતદાર શબ્દ મુળ અરેબીક શબ્દ મામલા એટલે કે ગુંચવણભરી બાબત કે કિસ્સા અને આવી બાબતોનો ઉકેલ લાવનાર અધિકારી એટલે મામલતદાર.

ભારતમાં બ્રીટીશ સાશનમાં તહેસીલદાર તરીકે આ સ્થાન શરૂ કરવામાં આવ્યું હતું એ સમયે તહેસીલદારનું કામ સરકાર વતી કર વેરા ઉઘરાવવાનુ હતું સમય જતા તહેસીલદાર તાલુકાદાર અને ત્યારબાદ મામલતદાર તરીકે ઓળખવામાં આવ્યા.

ધ બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૧૨ મુજબ તાલુકા કક્ષાએ મામલતદારની નિમણુંક કરવામાં આવે છે. આમ, કાયદાની દ્રષ્ટીએ મામલતદારએ સરેરાશ પચાસ કે વધુ ગામડાઓના મહેસુલી વડા અને સરકારના પ્રતિનિધિ છે.

મામલતદારની મુખ્ય ફરજો :

તાલુકાના મુખ્ય મહેસુલી અને વહીવટી અધિકારી તરીકે મામલતદારની અનેક પ્રકારની ફરજો અને સત્તાઓ સોંપવામાં આવેલ છે. વિવિધ પ્રકારની બાબતો માટે મામલતદારની ઉપસ્થિતિ સત્તાઓ કાયદા દ્વારા નક્કિ કરવામાં આવેલ છે.

મામલતદાર તરીકેની મુખ્ય ફરજોમાં :

પોતાના તાલુકાનો તમામ મહેસુલી વહીવટ સંભાળવો તેમજ તાલુકાના મુખ્ય સંકલન કરતા તરીકે ફરજ બજાવવી. જમીનને લગતા કોઈપણ મહેસુલી પ્રશ્નોનું ઉદ્દભવસ્થાન મામલતદાર કચેરી છે એટલે કે મહેસુલી પ્રકરણનો વિગતવાર અહેવાલ અને દરખાસ્તો ઉપલી કચેરીને એવી રીતે તૈયાર કરીને મોકલવો કે જેથી કોઈપણ જાતની વળતી પ્રશ્નોતરી સીવાય પ્રકરણનો નિકાલ આવે અથવા નિર્ણય થાય.

પોતાના તાલુકાના મહેસુલી કર્મચારીઓ જેવા કે તલાટી, કલાર્ક, નાયબ મામલતદાર વિગેરેની કામગીરી ઉપર દેખરેખ અને તપાસ રાખવી. મામલતદાર તાલુકાની જમીનની રેકર્ડનો સંરક્ષક છે.તેથી જમીનના રેકર્ડની સ્થળસ્થિતિ જાળવી અને સમયાંતરે તેને અદ્યતન બનાવવાની મુળભુત જવાબદારી છે. મીલ્કતોની જાળવણી રાખવાની મુળભુત જવાબદારી છે તમામ મીલ્કતો અંગેના રેકર્ડનું અને તેના આધારે ઉભા થતા મહેસુલી પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં મામલતદારની મહત્વની ભુમીકા છે.

તાલુકાની સરકારી જમીનોની જાળવણી કરવી અને આવી જમીનો ઉપર દબાણ ઉભા ના થાય તેની સતત કાળજી રાખવી. સરકારી મહેસુલી લેણાની વસુલાત કરવી તેમજ સરકારી આવકની ચોરી થતી અટકાવવી અને ચોરી કરનાર વિરૂધ્ધ પગલા લેવા. મામલતદાર કચેરીનો વહીવટ કાયદાની જોગવાઈઓ તથા તે હેઠળના નિયમો તેમજ સરકારશ્રીની વખતોવખની સ્થાયી સૂચનાઓ મુજબ થાય તે જોવાની મામલતદારની પ્રાથમીક ફરજ છે.

મામલતદારની એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેની ફરજો છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૭, ૧૦૯, ૧૧૦ અને ૧૪૫ હેઠળ લેવામાં આવેલા પોલીસ કાર્યવાહીમાં જામીન લેવડાવવાની સત્તાઓ છે. સરક્ષણ / પાક રક્ષણ, હથીયાર પરવાનાની અરજીમાં પ્રાથમીક તપાસ કરી અહેવાલ ઉપરી અધિકારીને મોકલી આપવાની ફરજો છે. ધાર્મિક, સામાજીક, રાજકિય કે જાહેર પ્રસંગોએ લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી આપવી. કોઈપણ ઉદેશની રેલી કે જાહેર સભાની મંજુરીઓ આપવી. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે તાલુકા વિસ્તારમાં જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની કામગીરી ઉપર દેખરેખ રાખવી. કોઈપણ અકસ્માત, આત્મહત્યા કે ગંભીર બનાવોમાં વ્યક્તિનું રૂબરૂમાં મરણોત્મુખ નિવેદન લેવું. કોઈપણ લાશ મળી આવે કે મરણના કિસ્સામાં ઈન્કવેન્ટ પંચનામા કરવાનું કામ છે. રાજકિય મહાનુભવો તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓના પ્રોટોકોલનું કામ મામલતદારનું છે.

બીનવારસી મીલ્કતોનું જાહેર હરાજીથી લીલામ કરવાનું કામ મામલતદારનું છે. પોલીસ દ્વારા પકડાયેલ આરોપીની મેજીસ્ટ્રેટ રૂબરૂ ઓળખ પરેડ કરવાનું કામ મામલતદારનું છે. શહેરી વિસ્તારની જમીન મહેસુલ વસુલાતની કામગીરી અને અન્ય ખાતાના બાકી રકમ જમીન મહેસુલ કાયદાની જોગવાઈ મુજબ હળવા / ભારે ઈલાજ દ્વારા વસુલાતની કામગીરી કરવી.

આવશ્યક ચીજવસ્તુ ધારા અધિનિયમ ૧૯૫૫ મુજબ પરવાના અને નિયંત્રણ અધિકારી તરીકેની ફરજો બજવવી. આવશ્યક ચીજ વસ્તુઓ જેવી કે તેલ, ખાંડ, ઘી, ગોળ, કેરોસીન, પેટ્રોલ, ડિઝલ, દૂધ જેવી જીવનજરૂરી વસ્તુઓનું વેચાણ અંગે પરવાના આપવા અને તેના ઉપર નિયંત્રણ રાખવાની કામગીરી કરવી.

આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ અને જથ્થા આદેશ ૧૯૮૧ હેઠળ પરવાના અધિકારી તરીકે સસ્તા અનાજની દુકાનના નવા લાયસન્સ આપવા, રીન્યુ કરવાની જવાબદારી છે તથા શરત ભંગ બદલ કેસો કરી દંડ વસુલ કરવાની સત્તા છે. વિવિધ પ્રકારના પુરવઠાને લગતા માપતોલ એક્ટ મુજબની કામગીરી કરવી. તાલુકાના તમામ વ્યક્તિઓને જાહેર તેમજ વિતરણ યોજના હેઠળ રેશનકાર્ડ પુરા પાડવા તેમાં સુધારા વધારા કે રદ કરવાની સત્તા છે.

મનોરંજન કર અધિકારી તરીકેની ફરજો : ટીવી કેબલ સર્વિસ કનેકશનનું રજીસ્ટ્રેશન કરવાની કામગીરી, વિડીયો કે સીનેમા ગૃહની

અનુસંધાન પાના નં ૭ પર

સાદા જીવનમાં જ સરળતા, સંતોષ, સાત્વિક આનંદ, શાંતિ અને સ્થિરતા અનુભવાય

આજનાં કપરા કાળમાં સામાન્ય માણસ 'માનવતાનાં મૂલ્યો' જાળવવા માટે શું કરી શકે ?

સાદાઈ અપનાવી શકે. સાદગી એટલે એટલે જરૂરિયાતો ઘટાડવી અને વસ્તુઓનો વેડફાટ બંધ કરવો. સાદા જીવનમાં જ સરળતા, સંતોષ, સાત્વિક આનંદ, શાંતિ અને સ્થિરતા અનુભવાય છે જે રાજાશાહી ઠાઠમાં નથી !

કેટલાક ગ્રંથો દરેક જમાનાના પરામર્શના અધિકારી છે. 'મહાભારત' એક એવો ગ્રંથમણિ છે.

હિંદના હિમાલય જેમ જૂનો લાગવાનો નથી, તેમ 'મહાભારત' પણ કદી જૂનું લાગવાનું નથી, યુગે યુગે નવીનતાભર્યું જ રહેવાનું છે. હિંદમાં જન્મેલાને મન હિમાલયનું આકર્ષણ જિંદગીભર રહેવાનં. માણસના વ્યક્તિત્વના ખૂણેખૂણાને ચેતનના પ્રકાશથી ભરી દેવાની વિરાટ પ્રકૃતિદશ્યોમાં અનોખી શક્તિ હોય છે. પ્રકૃતિના અનુસરણમાં માણસે સંસ્કૃતિને રચતી કલાઓને યોદી. હિંદની શબ્દકલાને બરોબર હિમાલયની સામે ગૌરવભેર ઊભી શકે એવા 'મહાભારત'ની રચના કરી છે.

'મહાભારત' ને માત્ર મહાકાવ્યનું નામ આપ્યાથી એનો યથાર્થ ખ્યાલ આપી શકાશે નહીં. એને 'વિરાટ કાવ્ય' કહેવામાં આવે એ જ બરોબર છે. હિમાલય જેમ એકાદ છૂટાછવાયા મહાશિખરવાળો ગિરિ નથી પણ ગિરિઓની હારમાળા છે, તેમ 'મહાભારત' પણ જાણે કે મહાકાવ્યોનો સમૂહ ન હોય ! ચિરંતન માનવભાવોની અમર પ્રતિમાઓ સમાં એનાં પાત્રો કાંચનજંઘા, ધવલગિરિ અને ગૌરીશંકરનાં શિખરોની જેમ ત્રિકાલની પલાંઠીએ બેઠા છે.

'મહાભારત' ની મૂળ કથા અને આખ્યાનો-ઉપાખ્યાનોને ઉદરંભર પુરાણીઓને છાશમાં પાણી નાખ્યે જ રાખીને સાવ સસ્તાં અને નમાલાં બનાવી દીધાં હતાં. પણ હિમાલયના જળભંડારે જેમ હિંદસ્તાનના સારા એવા ભાગને લીધી વાડી જેવો બનાવ્ય છે, તેમ 'મહાભારત'ના રસપ્રવાહને બળે હિન્દના સાહિત્યની લીલી કુંજો રચાઈ છે, એનું ભાન વધતી જતી કેળવણીની સાથે સાથે વધતું ગયું અને 'મહાભારત'નું નવી રીતે મૂલ્યાંકન થવા માંડ્યું.

ભાગ્યે જ એવો કઈ હશે જેને 'મહાભારત'ની મુખ્ય ઘટનાઓનો પરિચય ન હોય. દ્રૌપદી, ગાંધારી, કુંતી અને ઉત્તરા તથા ભીષ્મ, કૃષ્ણ, યુધિષ્ઠિર, કર્ણ, અર્જુન, અભિમન્યુ અને વિદુરનાં નામ સંભારી સંભારીને આ દેશનાં સ્ત્રીપુરુષો જીવનની તડકીછાંયડીમાં ટકી રહેવાનું આંતરિક બળ મેળવતાં રહ્યાં છે.

આપણે ત્યાં 'મહાભારત'ને ગુજરાતીમાં ઉતારવાનો પ્રયત્નો થયા છે, છતાં 'મહાભારત' નું સમશ્લોકી ગુજરાતી ભાષાંતર આપણને ક્યારે મળશે ? કંઈ નહી તો, કથાના અનિવાર્ય સળંગ ભાવનો અનુવાદ થાય તો પણ સંસ્કૃત ન જાણનારને મૂળની ભવ્યતા ને તેજનું સહેજે ભાન થાય.

'મહાભારત' ના મૂળ કવિ કૃષ્ણ દ્વૈપાયન ગમાય છે. 'વેદો' ની એમણે ગોઠવણી (વ્યાસ) કરી, એ ઉપરથી એ 'વ્યાસ' નામે પ્રખ્યાત છે. વ્યાસ મહાપંડિત હશે; જ્ઞાની, ઋષિ, ચિંતક, ગમે તે હશે; પણ મુખ્યત્વે તો એ એક કવિ છે. 'મહાભારત'માં ડગલે ને પગલે દેખાય છે કે એક ખૂણે પડ્યા પડ્યા તત્વચિંતન કર્યે જનાર ઋષિ માત્ર એ નથી; તેમ નથી જડ જ્ઞાની કે નથી બોધ આપવાને તલપાપડ કોઈ ગુરુ. વ્યાસ તો છે માનવજાતના સામાન્ય ગુણદેષ, ક્ષુલ્લક, હર્ષશોક, પરસ્પર વેરઝેર - દરેક વસ્તુ પ્રત્યે પરમ સહાનુકંપાથી જોનાર કવિ.

એ મહાકવિના હૃદયમાં સૌ કોઈને માટે જગ્યા છે. ધર્મનિષ્ઠ યુધિષ્ઠિરને માટે જ વ્યાસનું હૃદય ખીલી ઊઠે છે, એમ નહિ. માની દુર્યોધન માટે પણ એ હૃદયમાં અવકાશ છે. આ દૃષ્ટિએ, માનવતાની દૃષ્ટિએ, માનવતાની દૃષ્ટિએ, જોતાં મહાભારત યુદ્ધમાં સંડોવાયેલા મહાપુરુષોમાં શ્રીકૃષ્ણના હૃદયમાં પાંડવો માટે અને ભીષ્મ, દ્રોણ, દ્રુપદ માટે જ જગ્યા છે. ભીષ્મના હૃદયમાં કર્ણ જેવા માટે તલપૂર જગ્યા નથી. દ્રોણને દ્રુપદ ડંખે છે. કુરુક્ષેત્રની રણભૂમિ પર ભેગા થયેલા અઢારે અઢાર અક્ષૌહિણી સૈન્યમાંના કોઈ પણ વીરનરને આત્મીય ગણનાર, વિધાતા સિવાય, કોઈ હોય તો તે માત્ર એક વ્યાસ જ છે. વ્યાસ સૌ કોઈના મિત્ર છે. સૌ કોઈના હર્ષશોક સાથે એમનું હૃદય કોઈ સૂક્ષ્મ તંતુથી જોડાયેલું છે. કૌરવોને પાંડવોના કે પાંડવોને કૌરવના ક્ષયથી વિજય મળવાનો. વ્યાસને મન હવે વિજય કોઈ રહ્યો જ નથી. રહી છે માત્ર વેદના. આ માનવીમાત્ર પ્રત્યેની પરમ સહાનુકંપાનાં, અગાધ કારુણ્યનાં દર્શન વ્યાસે એ યુદ્ધના આલેખેલા ઈતિહાસમાં, એટલે કે 'મહાભારત' કાવ્યમાં, વારંવાર થાય છે.

'મહાભારત'માં કવિ કૌરવોના પક્ષમાં આપણી લાગણી જગાડે છે તે માટે આપણે એને છૂટે હાથે અભિનંદન આપવાં જોઈએ. પાંડવોની સામે મુડદાલ લડવૈયા હોય, ધર્મની સામે નિર્બળ અધર્મ જ હોય, તો એવી લડાઈનો ઈતિહાસ જાણવામાં આપણને રસેય શો હોય ? શું જીવનમાં, શું કલામાં, સોએ સો ટકા સાધુચરિત કે સોએ સો ટકા દુષ્ટાત્મા કોઈ છે જ નહિ, અર્જુન સામે કર્ણ, કૃષ્ણ સામે ભીષ્મ, ભીમ સામે દુર્યોધન, એવી સરખેસરખી જોડી ન હોય, તો 'મહાભારત' લાખ શ્લોકોને બદલે સાત શ્લોકમાં જ સમેટી લેવું પડત. વળી, પાંડવોની સામેના પ્રતિપક્ષીઓ મોટા હોય, તો તેમને જીતવામાં પણ કંઈ સાર ગણાય. પ્રતિપક્ષી - કૌરવ પ્રત્યે સમભાવની લાગણી જન્માવવાથી કવિ કાવ્યને અનેકગણું વાસ્તવિક બનાવે છે. દુર્યોધનને અથથી ઈતિ સુધી પાપને જ વળગી રહેલો બતાવવામાં તો ભારે અસ્વાભાવિકતાનું જ પ્રદર્શન થાય. એક તો, એવો માણસ સંભવી શકે નહિ; ને બીજું, એવો કોઈ હોય તોયે કળામાં તો એળાં, નીતિની કળ ચાંપવાની અમુકતમુક સીધે રસ્તે ચાલ્યાં જતા ઢીંગલાને સ્થાન જ ન હોઈ શકે.

દુર્યોધનની પાપવૃત્તિ અને અભિમાનને બહુ કાળા રંગથી રંગવામાં આવેલ છે, છતાં જે રીતે એક પછી એક મહાવીરો યુદ્ધમાં ખપે છે તો પણ પોતાનું ધૈર્ય એ સાચવી રાખે છે, અને તેમની ગેરહાજરીમાં હવે સંધિ કરીને પાંડવોનો આપ્યો બટકું રોટલો ઓશિયાળા થઈને ખાવા કરતાં સ્વર્ગમાં ફરી સ્વજનોનો સંગમ સાધવા તૈયાર રહે છે, એ બધાંમાં એના સ્વભાવની ઉદાત્તતાનાં સ્પષ્ટ દર્શન થાય છે.

ભીમ અધર્મયુદ્ધની ગદા વડે દુર્યોધનનો વધ કર્યો અને વિજયોન્માદમાં એના માથા પર પગ મૂક્યો. યુધિષ્ઠિર ભીમને વારે છે ને ગદ્‌ગદ કંઠે દુર્યોધનને આશ્વાસન આપે છે :

જોશું શી રીતે વિધવા વધૂનો શોકમગ્ન સૌ ?
તું ખરે સુખિયો, રાજન ! સ્વર્ગે વાસ નકી તવ;
અમે નરકશું દુખ્ખ ભોગવીશું ભયંકર.

પણ દુર્યોધનનો આત્મા રડતો નથી. મૃત્યુ વખતે પણ એના સ્વભાવમાં જે ઉદાત્તતા દીપી ઊઠે છે એ આપણામાં એની પ્રત્યે માન, પ્રેમ વગેરે ભાવ જગાડે છે. છેવટે પોતાના અંત કરતાં કોઈનો પણ અંત વધારે સારો નહિ હોય, એમ દુર્યોધન ભારે ચિત્તસ્વાસ્થ્યથી બોલે છે.

●●●

'મહાભારત'માં માનવતાનું આમ આપણને અનેક વખત સુભગ દર્શન થાય છે. એને લીધે એનું કાવ્ય આપણા સમગ્ર ચિત્તતંત્રનો અજબ સહેલાયઈથી કબજો મેળવી લે છે. મનુષ્યહૃદયના રાગાવેગોનું તાંડવ 'મહાભારત' કાર જેવું બહુ ઓછા જ કવિઓએ આલેખ્યું હશે, અને આલેખન વખતે એ જે સ્વાસ્થ્ય જાળવે છે એ તો અપૂર્વ જ છે. માનવીના મનોરાગોની ભીષણ રમણા હોમરે અને ગ્રીક નાટ્યકારોએ અસાધારણ નિરુપી છે, શેક્સપિયરે પણ અલૌકિક કૌશલ એના અંકનમાં ઠાલવ્યું છે; પણ 'મહાભારત' કારની એક વિશિષ્ટતા છે. 'મહાભારત'કાર માત્ર માનવીના ચિત્તાવેગોની પ્રમત્ત તાંડવલીલા નિરુપીને અળગા ખસી જતા નથી, પરમ સ્વાસ્થ્યપૂર્વક એ સકલ તત્ત્વોને સંયમમાં રાખે છે. ક્ષુલ્લક કે મહાન રાગદ્વેષ, સરલ કે કૃત્રિમ સુખદુઃખ, અનિવાર્ય અશ્રુ અને આપાતરમ્ય સ્મિત, બધાં તત્ત્વોને જીવનમાં અનિવાર્યપણે રહેલી ધર્મભાવનાથી એમણે રસ્યાં છે.

'મહાભારત' કારે પૂરતા તાટસ્થ્યથી માનવીના મનોભાવોની નૃત્યલીલા નિરૂપવાની સાથેસાથે, તે તે પાત્રોનાં જીવન સાથે અસામાન્ય તાદાત્મય સાધીને પોતાની અગાધ માનવતાનું ઠેરઠેર સિંચન કરી એ નૃત્યલીલા સુસહ્ય બનાવી છે, અર્થવતી કરી છે.

માનવતા એટલે માત્ર માણસ પ્રત્યેની લાણી કે માનવસુલભ ભાવ, એવા સંકુચિત અર્થથી આપણે 'મહાભારત' કારને અન્યાય કરીશું. માનવતા એટલે પરમ કારુણ્ય, સર્વભૂતાનુકંપા, જેનાં દર્શન યુધિષ્ઠિર પોતાની સાથેના કૂતરાને છોડીને એકલા સ્વર્ગમાં જવાની ના પાડે છે ત્યારે થાય છે. અને ખાંડવ વનદહન વખતે ચાર ખિસલોકીઓ બચી જતી બતાવવામાં આવી છે, એ ઘટના પાછળ પણ બીજો કયો ભાવ છે ?

- ઉમાશંકર જોશી

Last Seen :

તેં અનેકને
માનવ જન્મ આપી દીધો
માનવતા ન આપી,
સારું નહીં હો ઈશ્વર.

nehalgadhavi101@gmail.com

દક્ષિણ ભારતમાં દ્વિભાષાને બદલે હિંદી સહિતની ત્રિભાષા ફૉર્મ્યૂલા બૂમરૅંગ થવાનાં જોખમ



ઉત્તર ભારતનાં રાજ્યોમાં કોઈએ દક્ષિણની કોઈ ભાષા (તમિળ, તેલુગુ,મલયાલમ કે કન્નડ) તો ભણવી કે ભણાવવી નથી અને દક્ષિણનાં રાજ્યોમાં હિંદી સહિતની ત્રિભાષા ફૉર્મ્યૂલા અમલી બનાવી દેવી હોય ત્યારે સ્વાભાવિક છે કે વિરોધનો વંટોળ તો ઊઠવાનો. સામાન્ય રીતે વડાપ્રધાનો ઉત્તર પ્રદેશમાંથી જ આવતા હોય તો દક્ષિણનાં રાજ્યોને અન્યાયની અનુભૂતિ થાય એમાં કશું ખોટું નથી.મહારાષ્ટ્રમાં મુંબઈ રાજધાની હોય અને ઉપ-રાજધાની તરીકે નાગપુર હોય, જમ્મૂ-કાશ્મીરમાં રાજધાની શ્રીનગર હોય અને ઉપ-રાજધાની જમ્મૂ હોય; ત્યારે દક્ષિણનાં રાજ્યોમાં ભાવ જાગી શકે કે નવી દિલ્હીથી જ શાસન થાય એને બદલે બેંગલુરુ કે ચેન્નાઈને પણ ઉપ-રાજધાનીનો હોદ્દો કેમ ના અપાય? ક્યારેક આ અન્યાયના ભડકામાંથી અલગ દ્રવિડનાડુની માંગ ઊઠે તો એને દેશદ્રોહ ગણાવી કાઢવામાં આપણે ક્યાંક ભોંય ભૂલતા હોઈએ એવું સ્વીકારવાની તૈયારી રાખવાની જરૂર ખરી. સામાન્ય છાપ એવી છે કે દેશની રાષ્ટ્રભાષા હિંદી છે. હકીકતમાં આ વાત સાચી નથી. દેશમાં આજે પણ અંગ્રેજીનું ચલણ કડી-ભાષા તરીકે અકબંધ છે,પરંતુ બંધારણના પરિશિષ્ટ-૮માં સમાવાયેલી હિંદી, ગુજરાતી, બંગાળી, પંજાબી, તમિળ, ઉર્દૂ, નેપાળી સહિતની તમામ ૨૨ પ્રાદેશિક ભાષાઓ દેશની રાજભાષાનું સમાન સ્થાન ધરાવે છે,પણ કેન્દ્રનો સરકારી વહીવટ હજુ અંગ્રેજી અને હિંદીમાં જ થાય છે.

રાષ્ટ્રભાષા સંસ્કૃતનો આગ્રહ

મહાત્મા ગાંધી, સરદાર પટેલ કે પંડિત નેહરુ સહિતના નેતાઓ હિંદી-હિંદુસ્તાનીને રાષ્ટ્રભાષા કરવાના આગ્રહી હતા. ડૉ.બાબાસાહેબ આંબેડકર સાથે બંધારણસભાના કેટલાક દક્ષિણ ભારતીય અને મુસ્લિમ સભ્યોએ સંસ્કૃતને રાષ્ટ્રભાષા તરીકે પ્રસ્તાવિત કરી હતી. ડૉ.રામમનોહર લોહિયા જર્મનીમાં પોતાનો પીએચ.ડી.નો મહાનિબંધ જર્મનમાં લખ્યા પછી ય હિંદીમાં જ સરકારી કામકાજના આગ્રહી રહ્યા. મુલાયમ સિંહ યાદવ જેવા એમના શિષ્યો પણ. સાક્ષરવર્ય અને બંધારણસભાના સભ્ય ક.મા.મુનશી તો હિંદી અને અંગ્રેજીના વિવાદમાં અંગ્રેજીના પક્ષે સકારણ હતા.તેમણે સપ્ટેમ્બર ૧૯૬૭માં નોંધ્યું હતું : ''હિંદીને આપણે ચાહીએ

- **સામાન્ય છાપથી વિપરિત દેશની રાષ્ટ્રભાષા હિંદી નથી અને અંગ્રેજીનું ચલણ કડી-ભાષા તરીકે અકબંધ રહ્યું**
- **નેહરુ અને શાસ્ત્રીએ જે કોલ આપ્યો છે તેને વળગી રહી દક્ષિણ ઈચ્છે ત્યાં સુધી અંગ્રેજી ચાલુ રાખવું જોઈએ**
- **ક્યારેક હરિયાણામાં ''દ્વિતીય સત્તાવાર ભાષા'' તરીકે તેલુગુ ભણાવાતું હતું,પણ ૨૦૧૦પછી એ બધું ઉલી ગયું**
- **અનેકતામાં એકતાના ભારતીય સ્વરૂપને જાળવવા માટે ઉંબાડિયાં કે અટકચાળાને સવેળા દાબી દેવાની જરૂર**

છીએ કારણ કે એ એકતાવાચક પરિબળ છે.પરંતુ જો એને આપણે અણગમતી રીતે લોકો પર લાદીશું તો એ ખંડનાત્મક પરિબળ બની જશે.આમાં એકમાત્ર માર્ગ સમજૂતીનો છે,કાયદાનો નહીં. આ દેશના પૂરતા ભાગલા પડી ચૂક્યા છે.જવાહરલાલ નેહરુ અને લાલબહાદુર શાસ્ત્રીએ જે કોલ આપ્યો છે તેને વળગી રહેવાનો આપણે પ્રામાણિક નિરધાર કરવો જોઈએ કે જ્યાં સુધી દક્ષિણ ઈચ્છે ત્યાં સુધી અંગ્રેજી ચાલુ રાખવું જોઈએ.'' જોકે ઈઝરાયલમાં મૃત ભાષા હિબ્રુને જીવંત કરી રાષ્ટ્રભાષા કરાઈ,પણ ભારતમાં આઝાદીના સાત દાયકા વીત્યા છતાં ના તો દેશનું કોઈ યોગ્ય નામકરણ થઈ શક્યું છે કે ના રાષ્ટ્રભાષા નક્કી થઈ છે. સ્વદેશી શાસનકાળમાં હજુ હિંદી રાષ્ટ્રભાષા થઈ શકી નથી. દેશનું નામ પણ ''ઈન્ડિયા ધેટ ઈઝ ભારત''માંથી ભારત થઈ શક્યું નથી. બંધારણના પરિશિષ્ટ-૮માં સમાવાયેલી દેશની ૨૨ ભાષાઓ માત્ર રાજભાષાઓ હોવા છતાં વર્તમાન ઉપરાષ્ટ્રપતિ એમ.વેંકૈયા નાયડુ તો પોતાનાં ભાષણોમાં હિંદીને રાષ્ટ્રભાષા ગણાવે છે!

હરિયાણામાં તેલુગુના અખતરા

મહાત્મા ગાંધીએ ૧૯૧૮માં સ્થાપેલી દક્ષિણ ભારત હિંદી પ્રચારિણી સભાએ આઝાદી પહેલાં જ નહીં, પછીના શરૂઆતના દાયકાઓમાં દક્ષિણનાં રાજ્યોમાં હિંદીના પ્રચારનું સારું કામ કર્યું હતું. દક્ષિણ ભારતના હૃદયસમા મદ્રાસ (હવેના ચેન્નાઈ)માં હિંદીના સર્વપ્રથમ પ્રચારક તરીકે મહાત્મા ગાંધીના પુત્ર અને સી.રાજગોપાલાચારીના જમાઈ દેવદાસ ગાંધી હતા.પાછળથી તેઓ દિલ્હીના બિરલા જૂથના અંગ્રેજી દૈનિક ''હિંદુસ્તાન ટાઈમ્સ''ના તંત્રી થયા હતા. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીથી લઈને રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદ ઉપરાંત વડાપ્રધાનો લાલબહાદુર શાસ્ત્રી, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને પી.વી.નરસિંહરાવ સહિતના એ સંસ્થાના પ્રમુખ રહ્યા.એ પછી તો ન્યાયાધીશો એના પ્રમુખ રહ્યા,પણ હિંદી વિરોધના માહોલ વચ્ચે ૧૯૬૪માં સંસદના કાયદાથી રાષ્ટ્રીય મહત્વની જાહેર કરાયેલી આ સંસ્થાનું મહત્વ પછીથી ઘસારો અનુભવતું રહ્યું. ઉત્તરમાં ક્યારેક હરિયાણામાં પોતાના રાજ્યની ''દ્વિતીય સત્તાવાર ભાષા'' તરીકે તેલુગુ ભણાવાતું હતું,પણ પછી તો એ બધું ઉલી ગયું. તેલુગુ શિક્ષકોને છૂટા કરાયા કે અન્ય વિષયો ભણાવવાનું કામ તેમને સોંપાયું હતું. ભાજપના સાંસદ રહેલા તરુણ વિજયે સપ્ટેમ્બર ૨૦૧૩માં તમિળ ભાષાને દેશની ''દ્વિતીય સત્તાવાર ભાષા'' જાહેર કરીને ઉત્તરનાં રાજ્યોમાં ભણાવવાનો આગ્રહ કર્યો ત્યારે ભારે ઉહાપોહ મચ્યો હતો. હજુ ફેબ્રુઆરી ૨૦૧૯માં હરિયાણાના મૂળ પંજાબી એવા મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે હરિયાણામાં પોંગલ ઉત્સવ ટાણે અસ્ખલિત તમિળમાં ભાષણ આપીને બધાને આશ્ચર્યમાં ગરકાવ કર્યા હતા. રા.સ્વ.સંઘના પ્રચારક રહેલા ખટ્ટરે ચાર દાયકા પહેલાં તમિળ શીખી હતી. જોકે વર્ષ ૨૦૧૦ સુધી હરિયાણામાં તેલુગુ ''દ્વિતીય સત્તાવાર ભાષા'' હતી. પંજાબમાંથી ૧૯૬૬માં હિંદીભાષી હરિયાણા છૂટું પડ્યું હોવાથી પંજાબીને ''દ્વિતીય સત્તાવાર ભાષા''નો દરજ્જો આપવા અંગે આળી જનભાવનાને ધ્યાને રાખીને મુખ્યમંત્રી બંસીલાલે દક્ષિણના આંધ્ર પ્રદેશ સાથે વિશેષ સંબંધ જોડતાં તેલુગુને ''દ્વિતીય સત્તાવાર ભાષા'' તરીકે અપનાવી હતી.

અનુસંધાન પાના નં ૭ પર